ખેડબ્રહ્મા ખાતે જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર તથા ગઢડા શામળાજી ખાતે રવિવારના રોજ શ્રદ્ધાપૂર્વક કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલીત રાધાકૃષ્ણ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભગવાની મહાપૂજા-અભિષેક આરતી, ધરા આરોહણ સંતવાણી તથા ભજન સતસંગ કરવામાં આવ્યા હતા. મહાપૂજાના યજમાન તરીકે નાથીબેન નરેશભાઈ પટેલ તથા ભગવાનની ધજા ચઢાવવાના યજમાન તરીકે સ્વ. મણીભાઈ કોદરભાઈ પટેલ પરિવારે ધર્મલાભ લીધો હતો. પાટણના નોરતા આશ્રમના સંત દોલતરામજી બાપુ તથા જુનાગઢ આશ્રમના સંત વિશ્વભારતીજી મહારાજે સંતવાણી કરી તથા ભજનીકોએ ભજન સતસંગની રમઝટ બોલાવી હતી. જન્માષ્ટમી ઉત્સવને સફળ બનાવવા ટ્રસ્ટીઓ, સમિતિ સભ્યો, ગોપી મંડળ તથા પૂજારી જસવંતલાલ પંડ્યાએ જહેમત ઉઠાવી હતી.

આ ઉપરાંત ગઢડા શામળાજી ખાતે શામળીયા ભગવાનના સાનિધ્યમાં મેળો ભરાયો હતો. ગઢડા શામળાજી મંદિર ઉત્સવ સમિતિ, આર્યન ક્લબ, પૃથ્વી યુવક મંડળ દ્વારા ભજન, રાસગરબા તથા મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સોમવારના દિવસે શહેરમાં બ્રહ્માજી ચોક, માણેકચોક, વિગેરે વિસ્તારોમાં મટકી ફોડના કાર્યક્રમ યોજાયા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

હિંમતનગરમાં રીક્ષાચાલકની માથામાં પથ્થર મારી હત્યા

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં રવિવારે સાંજે સહયોગ સોસાયટી માં રહેતા રીક્ષાચાલકની એક ઈસમે માથામાં પથ્થર મારી ઈજાઓ કરી મોત નીપજાવ્યું હતું. બનાવ અંગે રીક્ષાચાલકની પત્નીએ હિંમતનગર એ ડીવીઝન પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે એક વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ફરાર હત્યારાની શોધખોળ આદરી છે.

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સહયોગ સોસાયટીમા રહેતા જવાનસિંહ ગંભીરસિંહ રાઠોડ (ઉ.વ.૪૫) રવિવારે રાત્રીના તેમના પરિવાર સાથે રીક્ષા લઈ રામેશ્વર મંદિર સામે કેનાલના છાપરામાં યોજાયેલ મટકી ફોડ કાર્યક્રમ જોવા ગયેલા જ્યાં જવાનસિંહ સાથે કટાજી ઉર્ફે કતીયો પંચણાજી ભાટ મસ્તી કરવા લાગ્યો હતો ત્યારે જવાનસિંહે રીક્ષામાંથી ઉતરીને કટાજીને મસ્તી કરવાની ના પાડી હતી. જેથી કટાજીએ જવાનસિંહને માથાના ભાગે બે પથ્થર વડે ગંભીર ઈજાઓ કરી નાસી ગયેલ દરમિયાન રીક્ષામાં બેઠેલ તેમના પત્ની હંસાબેન પરિવાર સાથે નીચે ઉતરી ઈજાગ્રસ્ત જવાનસિંહ પાસે દોડી ગયા હતા અને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડ્યા હતા. જ્યાં જવાનસિંહનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. બનાવ અંગે હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે હંસાબેન જવાનસિંહ રાઠોડે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર કટાજી ઉર્ફે કતીયો પંચણાજી ભાટ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શ્રી નવજીવન બી.એડ્ કોલેજ ડીસામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

શ્રી નવજીવન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી નવજીવન બી.એડ્ કોલેજ ડીસામાં ૬૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલીમાર્થીઓએ વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમાં તાલીમાર્થી બહેનોએ દેશ ભક્તિ ગીત ઉપર નૃત્ય રજુ કર્યા હતા. જ્યારે તાલીમાર્થી ભાઈઓએ દેશ ભક્તિ ગીતોનું ગાન કરી તે પ્રસંગને અનુરૂપ વિવિધ ગીતો રજુ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલિમાર્થી ભાઈ જોષી રમેશ અને પ્રજાપતિ વિદ્યાબેને કર્યું હતુ.

ઊંઝા પાસેથી પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી

ઊંઝા, તા. ૧૮

ઊંઝા ખાતે હાઈવે સર્કલ પરથી પસાર થતી દારૂ ભરેલ એસેન્ટ મોટરકારને પોલીસે ઝડપી પાડી વિવિધ બ્રાન્ડની દારૂની બાટલીઓ તેમજ મોટરકાર સહિત કુલ દોઢ લાખ ઉપરાંતની કિંમતનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ દારૂ ભરીને એક એસેન્ટ મોટરકાર સિદ્ધપુર તરફથી મહેસાણા બાજુ જઈ રહી હોવાની મળેલી બાતમીના આધારે મહેસાણા એલ.સી.બી. અને સ્થાનિક પોલીસે ઊંઝા હાઈવે સર્કલ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન સવારના સમયે અહીંથી દારૂ ભરીને પસાર થતી એસેન્ટ ગાડી નં. જીજે-૯-એમ-૪૯૮૯ને પોલીસે અટકાવી હતી. બાદ ગાડીની તલાશી લેતાં અંદરથી વિવિધ બ્રાન્ડની દારૂની ભરેલ ૩૨૪ બાટલીઓ તેમજ ૧૬૮ નંગ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂની બાટલીઓ અને મોટરકાર મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે સાદરી જાનમહંમદ બહેલીમ રહે. કસ્બા મહેસાણા તથા ઈસબખાન જુજારખાન પઠાણ રહે. કસ્બા સેતવાડ મહેસાણાની ધરપકડ કરી હતી.

ડીસામાં જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ ડીસા ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાયો હતો. ડીસામાં રાજય સરકારના મંત્રી દિલીપસિંહ ઠાકોરે ડીસાના કોલેજ ગ્રાઉન્ડ ખાતે દેશની આન, બાન અને શાન સમા તિરંગાને સન્માનપૂર્વક લહેરાવીને સલામી આપી હતી.બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરને સાત વર્ષ બાદ જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહની ઉજવણી કરવાનો અવસર મળ્યો હતો.

ગુજરાત સરકારના મંત્રી દિલીપસિંહ ઠાકોરે ડીસાના કોલેજ કમ્પાઉન્ડમાં ભારે જનમેદની વચ્ચે દેશની આન, બાન અને શાન સમા તિરંગાને ઝરમર વરસાદ વચ્ચે ફરકાવીને સલામી આપી હતી. રાષ્ટ્ર ધ્વજને સલામી આપ્યા બાદ મંત્રીએ પુરા ગ્રાઉન્ડ પર ખુલ્લી ગાડીમાં ફરીને પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. રાષ્ટ્રીય તહેવારને લઈ નગરજનોમાં દેશ ભક્તિની ભાવના જોવા મળી હતી. મંત્રીએ તેમના સંબોધન દરમિયાન રાજય સરકારની કામગીરીની પ્રસંશા કરી હતી.

ડીસા શહેરને સાત વર્ષ બાદ જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહની ઉજવણી કરવાની તક મળતાં વહીવટી તંત્ર દ્વારા પર આ ધ્વજવંદન સમારોહ માટે સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી હતી. ડીસા ખાતે ઉજવવામાં આવેલા ધ્વજવંદન સમારોહમાં આજે ડીસા શહેરની જનતા મોટી સંખ્યામાં હાજર રહી હતી. ડીસાની શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા યોગાસન રજૂ કરવામાં આવ્યા હતા.

ડીસામાં આજે ગુજરાત સરકારના મંત્રી દિલીપસિંહ ઠાકોરના હસ્તે જિલ્લાકક્ષાએ ઉજવાયેલા ધ્વજવંદન સમારોહમાં પૂર્વ મંત્રી પરબતભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર દિલીપસિંહ રાણા, ડીસાના નાયબ કલેક્ટર ડૉ. દિગંતભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, બનાસકાંઠા જિલ્લા ભાજપ કિસાન મોરચાના પૂર્વ પ્રમુખ મગનલાલ માળી, ડીસા નગરપાલિકાના પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ, ઉપપ્રમુખ નિલેષભાઈ ઠક્કર, શહેર ભાજપ પ્રમુખ ડૉ. દિનેશભાઈ પટેલ સહિત બનાસકાંઠા જિલ્લાના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ડીસા શહેરમાં રમતવીરો, સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર હોય તેવા મહાનુભાવોનું રાજ્ય સરકારના મંત્રી દ્વારા સન્માન કરવમાં આવ્યું હતું. આ પ્રસંગે દિલીપસિંહ ઠાકોરે ડીસામાં ધ્વજવંદન કરવાનો અવસર મળ્યો તે અંગે ખુશી વ્યક્ત કરી હતી.

ધનસુરા માંથી જુગાર રમતા ૬ શકુનિયો ઝડપાયા

શ્રાવણ મહિનો એટલે આમ તો શ્રદ્ધા અને ભક્તિનો મહિનો ગણવામાં આવે છે. પરંતુ જુગાર રમવાવાળા લોકો આ પવિત્ર મહિનાનો દૂર ઉપયોગ કરી જુગાર રમવામાં મશગુલ થઈ જાય છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં અનેક ગામડાઓમાં જુગાર રમવાની અને જુગાર રમાડવાની બદીએ માજા મુકી છે. ત્યારે ધનસુરા પોલીસે બાતમીના આધારે ધનસુરા પી.એસ.આઈ. બારોટ અને સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ૬ શકુનિયો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. જ્યારે રૂ. ૨૨૫૫રૂ. નો મુદ્દામાલ પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો હતો.

ઊંઝામાં ધાર્મિકતાની આડમાં જુગારની બોલબાલા

ઊંઝા, તા.૧૮

હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસમાં દર વર્ષે ધાર્મિકતાની આડમાં જુગારીની બોલબાલા વધી જાય છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષીને ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર જુગારની હાટડીઓ શરૂ થઈ હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પોલીસ દ્વારા અવારનવાર જુગાર અંગે દરોડાઓ પાડવામાં આવે છે તેમ છતાં કોણ જાણે કેમ? જુગારની બદી સદંતર બંધ થતી નથી. જુગારની હાટડીઓ મુખ્યત્વે રહેણાંક મકાનો, દુકાનો, જાહેર રસ્તાઓ, સોસાયટી, પોળો, મહોલ્લાના નાકાઓ પર, ફાર્મ હાઉસો, ખેતરમાં આવેલ બોરની ઓરડીઓ અને કેટલાક ગેસ્ટ હાઉસોમાં જુગાર ચાલતો હોવાનું કહેવાય છે.

કહે છે કે પોલીસ તંત્ર દ્વારા જુગારના અડ્ડા ચલાવતા રીઢા જુગારીઓ સામે કથિત હપ્તાની લાલચે કોઈ અસરકારક પગલાં ભરાતા નથી. જયારે જાહેરમાં પાંચ જણના જૂથમાં જુગાર રમતા તત્વોને પકડીનેકેસો કરાય છે. જુગારની સાથે આ વિસ્તારમાં દેશી વિદેશી દારૂની બદી પણ ફુલીફાલી હોવાનું કહેવાય છે. પોલીસ તંત્ર દ્વારા અવારનવાર દારુ અંગે દરોડાઓ પાડવામાં આવે છે પરંતુ દારુની બદી સદંતર નેસ્ત નાબૂદ થાય તે દિશામાં કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી પરિણામે આ બદી વિકસતી જાય છે.

ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીના ચૂંટણી પ્રચારનો આજથી પ્રારંભ

આગામી ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ યોજાનાર ડીસા વિધાનસભા મતક્ષેત્રમાં ડીસા નગરપાલિકા ક્ષેત્ર સહિત ૭૭ ગામોનો સમાવેશ થાય છે. શહેરી વિસ્તારના ૨૧ મતદાન મથક તથા ગ્રામ્ય વિસ્તારના ૮૯ મતદાન મથકો સહિત કુલ ૧૧૦ મતદાન કેન્દ્રો પર કુલ ૨,૩૦,૫૩૭ મતદારો મતદાન કરશે.

ડીસા વિધાનસભા ક્ષેત્રમાં કુલ ૭૧ મતદાન બુથો સંવેદનશીલ છે જ્યારે ૧૮૧ બુથો સામાન્ય છે. ડીસા પેટા ચૂંટણીની મતગણતરી ૧૬મી સપ્ટેમ્બરે જગાણા-પાલનપુર ખાતે ઈજનેરી કોલેજમાં થશે. ડીસા વિધાનસભા ક્ષેત્રમાં મતદારોને ૧૦૦ટકા ઓળખકાર્ડ આપી દેવામાં આવ્યા છે જેમાં ૧૨૦૫૧૨ પુરુષ મતદારો તેમજ ૧૧૦૨૫ સ્ત્રી મતદારો નોંધાયા છે.

શામળાજી પોલીસ ધ્વારા કતલખાને લઈ જવાતા ૯૭ ગાય અને વાછરડાને બચાવાયા

જનમાષ્ટમી ના પાવન પર્વ નિમિત્તે શામળાજી પોલીસ ધ્વારા પ્રસશનીય કામગીરી

મોડાસા તા.૧૮

પવિત્ર જનમાષ્ટમી પર્વ ના નિમિત્તે શામળાજી પી.એસ.આઈ એ.કે.વાળા ધ્વારા ગુપ્ત બાતમીના આધારે ભગવાન શ્રી કૃષ્ણ ના જન્મ દિને કેટલાક કસાઈઓ ધ્વારા કતલખાને લઈ જવાતા ૯૭ જેટલા અબોલ જીવો ને બચાવી જીવદયા ની સુંદર કામગીરી કરવામાં આવી હતી ત્યારે ધર્મ અને કર્મ ની સાથે એક સુંદર સેવાનુ પણ શામળાજી પોલીસે કામ કરી ખરેખર પ્રશંસનીય કામગીરી કરી હતી

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે શામળાજી પી.એસ.આઈ એ.કે.વાળા ને પોતાના આધારભુત સૂત્રો ધ્વારા ગુપ્ત બાતમી મળી હતી કે હરિયાણા પાર્સીગ ની એક કેટલાક અબોલ જીવ ને કતલખાને લઈ ને જવા માટે રવાના થઈ છે ત્યારે વાળા એ જરા પણ સમય વેડફયા વગર નાકાબંધી કરી રાજસ્થાન તરફ થી આવતી કન્ટેનર નંબર એચ.આર.૩૮.૧ક્યુ ૪૯૭૩ ને રોકી તલાશી લેતા તેમાં થી ઠસોઠસ ભરેલા ૯૭ જેટલા ગાય વાછરડા ને બચાવી લીધા હતા જયો આઅંગે શામળાજી પોલીસ ધ્વારા ટ્રક અને પશુ ઓ ની કુલ કિમંત રૂ ૧૧લાખ ૯૪૦૦૦ હજાર નો મુદામાલ પકડી ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા એલ.સી.બી.એ સ્કુલોમાં ચોરી કરતી ગેંગ ઝડપી ૨.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

મોડાસા તા.૧૮

અરવલ્લી જીસલ્લા ની રચના થયા બાદ જીલ્લા ના વડા મથક મોડાસા ખાતે એલ.સી.બી. હોફીસ ની સ્થાપના કરી એલ.સી.બી. પી.આઈ તરીકે પી.કે.પટેલ ની નીમણુક કરવામાં આવી હતી ત્યાર બાદ તેમણે ચાર્જ સંભાળતા જ જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ની સુચના થી જીલ્લા માં છેલલા કેટલાય સમય થી નાસતા ફરતા આરોપીઓ તેમજ પશુ તસ્કર કરતી ગેંગ અને એવા કેટલાય ગુનાઓની ગેગ પકડવામાં સફળતા મેળવી છે ત્યારે આજ રોજ જીલ્લા એલ.સી.બી.ને અરવલ્લી જીલ્લા ની સરકારી સ્કલોમાં સર્વશિક્ષા અભીયાન અર્તગત હેઠળઆપવામાં આવતા કોમ્પ્યુટર અનેએલ.સી.ડી ની ચોરીઓ થવા પામી હતી અને આ ગેંગ અરવલ્લી જીલ્લા પોલીસ માટે માથાના દુખાવા સમાન બની હતી જે અંગે ની તપાસ અરવલ્લી જીલ્લા એલ.સી.બી ને સોપાંતા પી.આઈ પી.કે પટેલ ધ્વારા સોપાતા તેમણે ટુંક જ સમય ગાળા માં આ ચોરી માં સંડોવાયેલ ચાર આરોપી ઓ ને ઝડપી પાડી તેમની જોડે થી ૧૩ સી.પી.યુ, ૧૬ મોનીટર ,એક એલ.સી.ડી.ટીવી. સહીત ની ચોરી નો મુદામાલ ઝડપી પાડયો હતો આ આરોપી ઓ એ અરવલ્લી જીલ્લામાં થયેલ કુલ ૬ જેટલી ચોરીઓ કબુલી હતી અને તમામ ચારેય આરોપી ઓ રીમાન્ડ મેળવી વધુ ચોરીઓ ના કેસ ઉકેલવાનો પ્રયાસ હાથ ધર્યો હતો

ઊંઝામાં બી.એસ.એન.એલ નેટવર્કના ધાંધીયાથી ગ્રાહકોમાં રોષ

ઊંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાયે વખતથી બીએસએનએલના નેટની ધીમી ગતિથી મોબાઈલમાં નેટ વાપરનાર ગ્રાહકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. ઊંઝા શહેર અને આસપાસના ગામોમાં છેલ્લા ઘણા સમયથી બીએસએનએલના થ્રીજી નેટનો ઉપયોગ કરનારા ગ્રાહકોને સ્પીડ ન મળવાથી પરદેશમાં વીડીયો કોલ કરવામાં મુશ્કેલી વેઠવી પડે છે. આમ જે હેતુથી બીએસએનએલના થ્રીજી નેટ માટે નાણાં ખર્ચ કરવામાં આવે છે તે સરવાળે વ્યર્થ જાય છે તેવી લોક ફરિયાદો ઉઠવા પામી છે. ઊંઝા શહેર અને આસપાસના ગામોમાં બીએસએનએલના થ્રીજી નેટનો ઉપયોગ કરનાર ગ્રાહકોનું કહેવું છે કે આ વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી નેટના ધાંધીયા છે.

ડીસા શહેરમાં ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની દેશ ભક્તિના માહોલ અને ભારે આનંદ ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શહેરવાસીઓમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. ડીસા નગરપાલિકાના પ્રમુખ ડૉ. તેજલબેન પટેલના વરદ હસ્તે શહેરના ગાંધીચોક વિસ્તારમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જ્યાં શહેરના વેપારીઓ, શિક્ષણવિદો, બુધ્ધિજીવી નાગરીકો, કોર્પોરેટરો, પાલિકાના અધિકારીઓ સહીત વિશાળ સંખ્યામાં રાષ્ટ્ર પ્રેમી નાગરીકો હાજર રહ્યા હતા. શહેરમાં આવેલી એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલમાં પાલિકાના ઉપપ્રમુખ નિલેષ ઠક્કર દ્વારા ધ્વજવંદન કરાયું હતું.

પ્રાંતિજ સાબરમતી નદીમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ તાલુકાના સોદાલિયા પાસેથી સાબરમતી નદીમાંથી આજે એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાંતિજના સાદોલિયા કેનાલની પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં અજાણ્યા યુવકનો પાણીમાં તરતો મૃતદેહ પશુ ચરાવનાર યુવકને નજરે પડ્યો હતો. આથી યુવકે પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસ અને નગરપાલિકાના ફાયર ફાયટરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીમાંતરતો મૃતદેહ બહાર કાઢી પ્રાંતિજ સામુહિક કેન્દ્ર ખાતે પોસ્ટમોટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસ અજાણ્યા યુવકના મોત અંગે ગુનો નોંધી તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે ૬૮મા સ્વાતંત્ર્ય પર્વ ની દબદબાભેર ઉજવણી

મોડાસા તા.૧૮

સમગ્ર ભારત દેશ માં સ્વાતંત્ર્યપર્વ ની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી હતી સમગ્ર દેશ દેશ ભકિત ના રંગે રંગાયો હતો ત્યારે અરવલ્લી જીલ્લા ને બને એક વર્ષ પણ પુરુ થયુ હતુ ત્યારે અરવલ્લી જીલ્લાની પ્રથમ વર્ષ ગાઠ ની સાથે સાથે અરવલ્લી જીલ્લા માં આ પર્વ ની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી હતી

અરવલ્લી જીલ્લા ના જીલ્લા કક્ષા ની પ્રથમ સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી જીલ્લા ના મેઘરજ મુકામે આવેલી પી.સી.એન હાઈસ્કુલ ખાતે કરવામાં આવી હતી જયાં જીલ્લા સમાહર્તા બી.જે.ભટ્ટ ધ્વારા ધ્વજ લહેરાવામાં આવ્યો હતો જયારે જીલ્લા કલેકટરે વરસતા વરસાદ માં પણ વિના છતરી એ જીલ્લા વાસીઓ ને સંબોધન કરતાં જણાવ્યુ હતુ કે ગુજરાત ની શ્રેષ્ઠતા અને વિકાસ નો ચમત્કાર દેશ અને દુનિયાએ તાદેશ્ય કર્યો છે. ત્યારે ગુજરાત ની પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલે ગુજરાત ની ધુરા સંભાળતાની સાથે જ વિકાસ ની ગતી ને વધુ તેજ બનાવવા અનેક વિવિધ લોકાભીમુખ કાર્યક્રમો અમલ માં મુકયા છે. જયારે કલેકટર શ્રી એ પણ જણાવ્યુ હતુ કે અરવલ્લી જીલ્લા ને આજરોજ એક વર્ષ પુર્ણ થવા આવ્યુ છે. જીલ્લામાં કુપોષપ મુકત સ્વરછ અને સ્વસ્થય ગુજરાત ની વિકાસલક્ષી કામગીરી થઈ છે. રાજય સરકાર ના સહયોગ થી જીલ્લામાં ૮૦ ટકા જેટલી કચેરીઓ કાર્યરત થઈ ચુકી છે જીલ્લા માં પીવાના પાણી ની પણ સમસ્યા હલ કરવામાં આવી.છે.

જયારે આ પ્રસંગે આઝાદી ની લડત માં ભાગ લેનાર સ્વાતંત્ર્ય સેનાની આનંદીલાલ પટેલ નુ સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યુ હતુ જયારે તાલુકા ના વિકાસ માટે મેઘરજ તાલુકા ના તાલુકા વિકાસ અધિકારી અને પ્રમુખ ને ૨૫ લાખ રૂપીયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો ત્યારે મોડાસા તાલુકાની કકે.એ.ન શાહ હાઈસ્કુલ શ્રેષ્ઠ જાહેર થતાં એકલાખ રૂપીયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો જયારે જીલ્લામાં ધો.૧૦ અને ૧૨ માં પ્રથમ આવનાર તેજસ્વી તારલાઓ નુ પણ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ જયારે બાયડ તાલુકા માટે ખીલખીલાટ વાન નુ પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે અધિક કલેકટર એ.બી.પટેલ,જીલલા પોલીસ વડા મયુરસિંહચાવડા,જિલ્લા વિકાસ અધિકારી તેમજ જીલલાના પદાધિકારીઓ અને પત્રકાર મિત્રો મોટી સંખ્યા માં ઉપસ્થીત રહયા હતા

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦